**Publication:** Suryakal

**Page no:** 02

**Date:** 30/11/2016

# ઈવેન્ટ મેકર મેલા એ અમદાવાદમાં તેના પ્રવેશની જાહેરાત કરી



અમદાવાદ, બુધવાર

ભારતમાં પાયાની નવિનતા માટેની ઈવેન્ટ મેકરમેલા એ અમદાવાદ માં તેના ૨૦૧૭ માટેના પ્રવેશ ની જાહેરાત કરી.આ ઈવેન્ટ ૧૩-૧૫ જાન્યુઆરી દરમિયાન મુંબઈ ખાતે યોજાશે. મેકરમેલા સોમૈયા વિદ્યાવિહાર ની પહેલ છે અને આરઆઈઆઈડીએલ દ્વારા આયોજીત કરવામા આવે છે. આ આર્ટ્સ, હસ્તકલા, એન્જિનિયરિંગ અને ડુઈટયોરસેલ્ફ (ડીઆઈવાય) ની સમૂહ ઉજવણી છે. જીવનના કાચા, અનન્ય અને બિનપરમપરાગત વિચારોને વિવિધ શૈલીમાં લાવવા માટેનું પ્લેટફોર્મ છે.

સમગ્ર ભારત અને વિદેશ માંથી ૨૦૦થી વધારે મેકર્સ આ ઈવેન્ટમાં ભાગ લેવા માટે પસંદ કરવામા આવશે અને અંદાજે ૫૦,૦૦૦થી વધારે મુલાકાતીઓ આ ઈવેન્ટ માં હાજરી આપશે.જે મેકર્સ પસંદ કરવામે આવશે તેમને રોકાણકારો સાથે પોતાના વિચારો સમજાવી ભંડોળ એકત્રીત કરવાની કર આપવામા આવશે અને વૈશ્વિક અગ્રણીઓ પાસેથી માર્ગદર્શન મેળવી શકાશે. વધુ અગત્યનું, પસંદ કરેલ મેકર્સને દેશભરમાંથી આવેલ ઉત્પાદક અને મુલાકાતીઓ સામે પોતાના વિચારો રજૂ કરવાની તક મળશે.

આજના ડીઆઈવાય એ આવતીકાલના મેક ઇન ઇન્ડિયા છે ના સૂત્ર સાથે મેકરમેલા માં વિવિધ ક્ષેત્રો માંથી સહભાગીઓ આવશે જેવાકે, 3ડી પ્રિન્ટીંગ, પૌષ્ટિક ખોરાક, સોફ્ટવેર એપ્લિકેશન, ટેક હાર્ડવેર પ્રોટોટાઇપ્સ અને ઉત્પાદન વિચારો; એક વ્યાપાર યોજના સાથેની ગૂઢિણી એક વિચાર સાથેનો યુવાન; તકનિક તજ્ઞવાદીથી ઉદ્યોગસાહસિક. ચર્ચા અનિવાર્ય છે.

સોમૈયા વિદ્યાવિહારના પ્રેસિડેન્ટ સમીર સોમૈયા એ જણાવ્યું કે "મેકરમેલા અનન્ય વિચારો અથવા ટેક્નોલોજી સાથેના પ્રોજેક્ટ પર ધ્યાન કેન્દ્રિત કરે છે જેમને તેમના પ્રારંભિક વિકાસ તબક્કામાં માર્ગદર્શનની જરૂર છે.ઘણી વખત પડકાર એ સર્જકો માટે આગામી પગલું હોય છે.વિચારને આગળ લઈ જવું,તેને શેર કરવું,તેના માટે સહયોગી શોધવું અને સંભવિત અન્વેષણ કરવા માટે ભંડોળ મેળવ્વામાં મેકરમેલા સક્રીય ભૂમિકા ભજવે છે."

આરઆઈઆઈડીએલ ના ચીફ ઇનોવેશન કેટલિસ્ટ ગૌરાંગ શેટ્ટી એ જણાવ્યું કે "મેકરમેલા એ વૈશ્વિક મેકર મુવમેન્ટમાં ભારતીય મેકર ને જોડવાનો એક માર્ગ છે.અમારી અગાઉના વર્ષની સફળતા સાથે, અમે સમગ્ર દેશમાંથી સહભાગીઓ અને મેકર્સનો સહકાર મળી રહ્યો છે. ગુજરાતમાંથી પહેલેથીજ ત્રણ લોકો પસંદ થઈ ગયા છે અને અમે આશા રાખીએ છીએ કે વધું મહાન અને નવિન વિચારો સામે આવશે."